# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MARRIAGE REGISTRATION

રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં હવે માતાપિતાને સમાવવામાં આવ્યા છે. ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ 2006'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં સુધારા સંદર્ભે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહ નિયમો-44 હેઠળ મહત્વનું નિવેદન રજૂ કર્યું છે. તેમણે ગૃહમાં જણાવ્યું, લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે ચોક્કસપણે સખત પગલા લેવાશે. શ્રી સંઘવીએ કહ્યું, આ નવા નિયમો સામે વાંધા સૂચનો પણ મોકલી શકાશે.

**(BYTE – HARSH SANGAVI, Dy.CM)**

શ્રી સંઘવીએ ઉમેર્યું, લગ્નની નોંધણી વખતે હવે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે. ઉપરાંત એક સમિતિની પણ રચના કરાશે, જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરાશે.

. . . . . . . . . . . . .

# VIDHANSBHA QUSTIONNAIRE

છેલ્લા 5 વર્ષમાં રાજ્યના બે લાખથી વધુ ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે 1191 કરોડ રૂપિયાની સહાય ચૂકવાઈ છે. વિધાનસભામાં આજે

ધારાસભ્ય દ્વારા રાજ્યમાં ટ્રેક્ટર સહાય યોજના અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, વર્ષ 2026-27માં ટ્રેક્ટર સહાય માટે અંદાજપત્રમાં 800 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યું કે કચ્છમાં 70 હજાર હેક્ટર જમીનમાં દબાણ છે, જેના જવાબમાં રાજ્યના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવીણ માળીએ સ્પષ્ટતા કરતાં કહ્યું, કચ્છમાં હાલ માત્ર 7 હજાર એકર જમીનમાં જ દબાણ છે.

. . . . . . . . . . . . .

# BUDGET REAX CHHOTAUDEPUR

રાજ્ય સરકારે રજૂ કરેલ અંદજપત્રને છોટાઉદેપુરના સાંસદ જશુ રાઠવાએ આવકાર્યું છે. તેમણે કહ્યું, આ અંદાજપત્રમાં છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ જિલ્લામાં 51 હજાર હેક્ટર જમીનને સિંચાઈ માટેની જોગવાઈ કરવામાં આવી છે.

**(BYTE- JASHU RAHTAVA, SANSAD)**

. . . . . . . . . . . . .

# NITIN NABIN - GUJARAT

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન આજે રાજ્યના એક દિવસના પ્રવાસે છે. તેઓ અમદાવાદ હવાઈમથક નજીક કાર્યકર્તાઓ દ્વારા યોજાયેલા અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહ્યા. શ્રી નબીન નારણપુરા ખાતે સાંસદ અને ધારાસભ્યો સાથે બેઠક કરશે. ત્યારબાદ સાંજે ગાંધીનગરમાં બજેટ મીટ 2026 કાર્યક્રમમાં પ્રબુદ્ધજનો સાથે સંવાદ કરશે.

. . . . . . . . . . . . .

# MEHSANA SEMINAR

મહેસાણાની મ્યુનિસિપલ આર્ટ્સ કોલેજ દ્વારા જીઆઇડીસી હોલ ખાતે વન નેશન વન ઇલેક્શન વિષય ઉપર બે દિવસીય સેમિનાર યોજાયો. જેમાં તજજ્ઞોએ યુવાનો સામે દેશની દશા અને દિશાની વાસ્તવિક્તા સાથે એક દેશ એક ચૂંટણીની જરૂરિયાત વ્યક્ત કરી હતી. તેઓએ વધુમાં જણાવ્યું કે એક દેશ એક ચૂંટણીમાં ખર્ચ ઘટશે. સાથે લોકોની ભાગીદારી પણ વધશે.

. . . . . . . . . . . . .

# HOLI SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા આગામી હોળીના તહેવારને અનુલક્ષીને સાબરમતી-હરિદ્વાર વચ્ચે ખાસ ટ્રેન ચલાવાશે. આ સાથે જ અસારવાથી આગ્રા કેન્ટની પણ ખાસ ટ્રેન ચલાવાશે. પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર

સાબરમતી-હરિદ્વાર ખાસ ટ્રેન 23મી ફેબ્રુઆરી અને 2, 9, 16 અને 23મી માર્ચે સાબરમતીથી સાંજે પોણા સાત વાગે ઉપડશે, જે બીજા દિવસે સાંજે સાડા આઠ વાગે હરિદ્વાર પહોંચશે.

તેવી જ રીતે અસારવાથી આગ્રા કેન્ટ ખાસ ટ્રેન 23મી માર્ચ સુધી મંગળવાર અને બુધવાર સિવાય દરરોજ દોડશે. આ ટ્રેન અસારવાથી બપોરે બે વાગીને 50 મિનિટે ઉપડશે, જે બીજા દિવસે સવારે સાત વાગીને 45 મિનિટે આગ્રા કેન્ટ પહોંચશે.

આ બંને ટ્રેન બંને દિશાઓમાં આવતા સ્ટેશનો પર રોકાશે.

. . . . . . . . . . . . .

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 22 ફેબ્રુઆરીએ મન કી બાતની 131મી કડીમાં દેશવિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વૅબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. ઍપ પર પણ ઉપલબ્ધ રહેશે. નાગરિકો આજે રાત્રિના 12 વાગ્યા સુધીમાં પોતાના MYGOV પોર્ટલ અને ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર સૂચનો મોકલી શકશે.

. . . . . . . . . . . . .